# શ્રી સામાયિક સૂત્ર

## વિધિ-અર્થ સહિત

દેરાવાસી



શ્રીમતિ પ્રતિમાબેન

અને

ડૉ. શ્રી કુમારપાળ દેસાઇ

તરફથી સપ્રેમ

## પ્રેરણા મૂર્તિ



શ્રીમતિ પુષ્પા લક્ષ્મીચંદ સંઘવી


**પ્રકાશક :**
લક્ષ્મીચંદ છ. સંઘવી (બાબુભા
૨, ધૂતપાપેશ્વર બિલ્ડીંગ,
મંગલવાડી, ૨૪૦, શંકરશેઠ
મુંબઇ - ૪૦૦ ૦૦૪.



**સર્વ હક્ક સ્વાધીન**



**મુદ્રક :, પ્રાપ્તિસ્થાન :**
ફોરવર્ડ સ્ટુડિયો
મંગલવાડી, ગીરગામ,
૨૪૦, શંકરશેઠ રોડ,
મુંબઇ - ૪૦૦ ૦૦૪.
ટે. નં. ૩૫૫૨૨૫ - ૩૫૫૩

પ્રથમ આવૃતિ : પ્રત ૫૦૦૦
જાન્યુઆરી ૧૯૮૯

કિંમત રૂા. ૨-૦૦
બુક પોસ્ટ રૂા. ૦.૫૦

**હાર્દિક આભાર :**
* શ્રી કુમારપાળ દેસાઇ - વિધિ-અર્થ-લેખ - માર્ગદર્શન
* શ્રી ચંદુભાઇ દફતરી - કવર ડીઝાઇન


**જૈન ધર્મ: ૐ હ્રીં અર્હમ (મંત્ર)**
**જૈન ધર્મ: અહિંસા પરમો ધર્મ (સિદ્ધાંત)**

### મા-બાપને ભૂલશો નહિ.

ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો
અમૃત તણાં દેનાર સામે, ઝેર ઉછાળશો
લાખો કમાયા હો ભલે, મા-બાપ જેથી ના
એલાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો
સંતાનથી સેવા ચહો, સંતાન છો, સેવા
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો
ધન ખરચતાં મળશે બધું, માતા-પિતા મળશે

# જૈન ધર્મ

**- શ્રી કુમારપાળ દેસાઇ**

જૈન ધર્મ આત્માનો ધર્મ છે. અહિંસા તેની પરિપાટી છે, ને અનેકાન્ત એની પરિભાષા છે.

આત્માને જાણવો ને ઓળખવો અને એને પામવા માટે પ્રયત્ન કરવો એ એના સિધ્ધાંતનું મૂળ છે. ઘણીવાર દેહને જ મહત્વ આપી દેવામાં આવે છે. દેહના સુખ માટે રાત - દિવસ યત્ન કરવામાં આવે છે. દેહના ઇન્દ્રિય-મનને બહેકાવે તેવાં પ્રયત્નો કરવામાં આવે છે.

જૈન ધર્મ કહે છે કે દેહ અને આત્મા એક નથી, દેહ જુદો છે, ને આત્મા ભિન્ન છે. દેહ સાધન છે, આત્મા સાધ્ય છે.

એ સાધ્યનો પંથ તપ, ત્યાગ, અહિંસા અને સંયમથી ભરેલો છે. સાગર તરવા માટે જેમ હોડી સાધન છે. એમ સંસાર તરવા દેહ સાધન છે. સાગર પાર કર્યા પછી જેમ કોઇ હોડીને ગળે વળગાડી રાખતું નથી. એમ સંસાર તરવા દેહ સાધન છે એટલા પૂરતું એનું મહત્વ છે. એટલા પૂરતો એને સાચવવાનો હેતુ છે.

દેહને જ વળગી રહી, આત્માનું અસ્તિત્વ ભૂલી જવું એ જીવન દ્રોહ છે, દેહને સાચવવો પણ એની ખૂબ આળપંપાળ કરવી એ ધર્મદ્રોહ છે.

આત્માને ઓળખવા માટે માણસે અભય, અહિંસા ને પ્રેમ જીવનમાં કેળવવાનાં છે. માત્ર મંદિરોમાં જવાથી કલ્યાણ થવાનું નથી ; પણ એ મંદિરના નિત્યસંગથી આપણું દિલ પણ એક મંદિર બની જવું જોઇએ.

નિત્ય નમસ્કાર કરવાથી માણસનું કલ્યાણ થતું નથી, પણ એ નમસ્કાર કોને કરીએ છીએ ? એમણે શું કર્યું કે જેથી તેમને નમસ્કાર કરીએ છીએ એ વિચારી જીવનમાં ઉતારવું જોઇએ તો જ નમસ્કાર ફળદાયી છે.

ગુરૂવાણી સાંભળી પણ એ શ્રધ્ધાથી જીવનમાં કેટલી ઉતારી, એનો રંગ જીવનના પોત પર પાકો લાગ્યો કે કાચો તે સતત વિચારવું જોઇએ. વાણી તો પોપટની પણ હોય છે. પણ એ પોપટીયા વાણી કંઇ કલ્યાણ કરતી નથી. વાણી પ્રમાણેનું વર્તન જ કલ્યાણકારક છે.

આ સંસારનું ચિત્ર એક ભયંકર આગનું ચિત્ર છે, ક્યાંક યુધ્ધની આગ છે, ક્યાંક ભૂખની આગ છે., ક્યાંક મોટાઇની ને સત્તાની આગ છે. આજે કોઇ દેશ કે માનવી ગમે તેટલો આગળ વધ્યો હોય તો ય શીતળતાનો અનુભવ કરતો નથી. દરેક સ્થળે ત્રાહિમામ્ સંભળાય છે. તમામ હાયકારાઓમાંથી છૂટકારનો ઉપાય આત્માની ખોજમાં છે. પ્રેયના અને શ્રેયના, વિનશ્વર અને ચિરંજીવના વિવેકમાં છે.

જૈન ધર્મએ આચારમાં અહિંસા સ્થાપી, વિચારમાં અનેકાન્ત આપ્યો, વાણીમાં સ્યાદ્વાદ કહ્યો, સમાજમાં અપરિગ્રહનો મહિમા ગાયો છે.

# સામાયિક લેવાનો વિધિ

**સામાયિક કરવામાં જોઇતી વસ્તુઓ.**

**૧. શુધ્ધ વસ્ર ૨. કટાસણું ૩. મુહપત્તિ ૪. સાપડો ૫. પુસ્તક - સ્થાપનાજી ૬. ચરવળો ૭. ઘડિયાળ ૮. નવકારવાળી**

પ્રથમ શુધ્ધ વસ્ત્ર પહેરવાં, પછી ચરવળાથી જગ્યા સાફ કરી (પુંજી) સ્થાપનાજી અથવા ધાર્મિક પુસ્તક સાપડા પર મૂકવું. પછી મુહપત્તિ ડાબા હાથમાં રાખી જમણો હાથ સ્થાપનાજી સામે રાખવો. પછી નવકાર અને પંચિંદિય સૂત્ર કહેવા સ્થાપનાજી સ્થાપવા. પછી એક ખમાસમણ દઇને 'ઇરિયાવહિયં, તસ્સ ઉત્તરી, અન્નત્થ' કહી એક લોગસ્સ અથવા ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ પારીને ('નમો અરિહંતાણં' કહીને) લોગસ્સ બોલવો. પછી એક ખમાસમણ દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક મુહપત્તિ પડિલેહું ?ઇચ્છં' કહીને મુહપત્તિ પડિલેહવી.

પછી એક ખમાસમણ દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક સંદિસાહું ? ઇચ્છં,' કહી એક ખમાસમણ દઇ. 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક ઠાઉં ? ઇચ્છં' કહી બે હાથ જોડી એક નવકાર ગણવો.

ત્યારબાદ 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી,' એમ કહી 'કરેમિ ભંતે' સૂત્ર પોતે બોલાવું યા ગુરુ કે વડીલ હોય તો તેમની પાસે બોલાવવું

પછી એક ખમાસમણ દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે સંદિસાહું ? ઇચ્છં' કહી એક ખમાસમણ દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉં ? ઇચ્છં', કહી એક ખમાસમણ દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય સંદિસાહું ? ઇચ્છં' કહી એક ખમાસમણ દઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરૂં ? ઇચ્છં, કહી બે હાથ જોડી ત્રણ નવકાર ગણવાં.

પછી બે ઘડી અથવા અડતાલીસ મિનિટ સુધી બેસીને ધર્મધ્યાન કરવું

# સામાયિક પારવાનો વિધિ

પ્રથમ એક ખમાસમણ દઇને ઇરિયાવહિયં, તસ્સ ઉત્તરી, અન્નત્થ કહી એક લોગસ્સ અથવા ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરવો. પારીને 'નમો અરિહંતાણં' કહીને આખો લોગસ્સ બોલવો.

પછી એક ખમાસમણ દઇ, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્!' મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં', કહીને મુહપત્તિ પડિલેહવી.

પછી એક ખમાસમણ દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !' સામાયિક પારૂં ? યથાશક્તિ, પછી એક ખમાસમણ દઇ, 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !' સામાયિક પાર્યું ? તહત્તિ કહી, જમણો હાથ ચરવળા અથવા કટાસણા ઉપર સ્થાપીને એક નવકાર ગણી સ્થાપનાચાર્ય યોગ્ય સ્થાને મૂકીને સામાઇય વયજુત્તો કહેવો, પછી સ્થાપનાચાર્ય સ્થાપેલ હોય તો જમણો હાથ સવળો રાખી એક નવકાર ગણી ઊભા થવું.

## ૧. નવકાર (નમસ્કાર) સૂત્ર

નમો અરિહંતાણં - નમસ્કાર હોજો, અરિહંત એટલે કે તીર્થંકર દેવોને

નમો સિધ્ધાણં - નમસ્કાર હોજો, શ્રી સિધ્ધ ભગવંતોને.

નમો આયરિયાણં - નમસ્કાર હોજો, આચાર્યજીને.

નમો ઉવજ્ઝાયાણં - નમસ્કાર હોજો, ઉપાધ્યાયજીને.

નમો લોએ સવ્વસાહૂણં - નમસ્કાર હોજો, લોકમાં રહેલા સર્વ સાધુઓને.

એસો પંચ નમુક્કારો - આ પાંચને કરેલા નમસ્કાર

સવ્વ પાવપ્પણાસણો - તમામ પાપનો સર્વથા નાશ કરનાર છે.

મંગલાણં ચ સવ્વેસિં - અને તે તમામ મંગલોમાં

પઢમં હવઇ મંગલં - પહેલું (ભાવ) મંગલ છે.

## ૨. પંચંદિય સૂત્ર (ગુરૂ સ્થાપના.)

પંચિંદિય - સવંરણો - પાંચ ઇંદ્રિયને એટલે પાંચ ઇંદ્રિયના વિષયને રોકનાર

તહ - તથા

નવવિહ બંભચેર ગુત્તિધરો - નવ પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર

ચઉવિહ કષાય મુક્કો - ચાર જાતના કષાયથી મુક્ત છે.

ઇઅ અટ્ઠારસ ગુણેહિં સંજુત્તો - આ અઢાર ગુણોથી સંયુક્ત છે.

પંચ - પાંચ

મહવ્વયજુત્તો - મહાવ્રતવાળો

પંચ વિહાયાર - પાલણ - સમત્થો - પાંચ પ્રકારના આચારો પાળવામાં સમર્થ

પંચસમિઓ - પાંચ સમિતિવાળા

તિ ગુત્તો - ત્રણ ગુપ્તિઓવાળા

છત્તીસગુણો ગુરુ મજ્ઝ - (એમ) છત્રીસ ગુણોવાળા મારા ગુરુ (મહારાજ) છે.

## ૩. 'ઇચ્છામિ ખમાસમણ'
## પ્રણિપાત સૂત્ર

ઇચ્છામિ - ઇચ્છું છું
ખમાસમણો - હે ક્ષમા (ના ભંડાર) શ્રમણ (મુનિરાજ)
વંદિં઼ઉ - વંદન કરવા
જાવણિજજાએ - યથાશકિતયુક્ત - સર્વ શકિતઓનો ઉપયોગ કરી
નિસીહિઆએ - હિંસાદિક પાપો તરફ જતી મારા મન, વચન, કાયાની સર્વ પ્રવૃતિઓને રોકી લઇને,
મત્થએણ - મસ્તક નમાવી
વંદામિ - હું વંદન કરુ છું.

## ૪. 'ઇરિયાવાહિય' સૂત્ર - ઇર્યાપથિકી સૂત્ર
## (આલોચના સૂત્ર)

ઇચ્છાકારેણ - ઇચ્છાપૂર્વક
સંદિસહ ભગવન્ - આજ્ઞા આપો, ભગવન્!
ઇરિયાવહિયં પડિક્કમામિ - ઇર્યાપથિકી ક્રિયાનું પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું (રસ્તામાં જવા - આવવા વગેરે પ્રવૃતિથી થયેલી હિંસાના પાપનું)
ઇચ્છં - ઇચ્છું છું
ઇચ્છામિ - ઇચ્છું છું
પડિક્કમિઉં - પાપથી પાછા ફરવાને, મુક્ત થવાને
ઇરિયા - રસ્તામાં
વહિયાએ - ચાલતી વખતે
વિરાહણાએ - કોઇ પણ જીવને દુઃખ દીધું હોય
ગમણાગમણે - જતાં - આવતાં
પાણક્કમણે - પ્રાણી (જીવ) ને કચર્યા હોય
બીયક્કમણે - બીજને કચર્યા હોય
હરિયક્કમણે - લીલી વનસ્પતિને કચરી હોય
ઓસા - ઝાકળ

ઉત્તિંગ - કીડિયારાં વગેરે જીવના દર
પણગ - શેવાળ (લીલી ફૂગ)
દગ - સચેત પાણી
મટ્ટી - સચેત માટી
મક્કડા - કરોળિયાનાં પડ
સંતાણા - કરોળિયાનાં જાળાં
સંકમણે - કચડયા હોય
જે મે જીવા - એ તથા બીજા કોઇ જીવોને
વિરાહિયા - દુઃખ આપ્યું હોય
એગિંદિયા - એક ઇંદ્રિયવાળા જીવ એટલે કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિ (કાયા) - એક શરીરરૂપ ઇંદ્રિય હોય તે.
બેઇંદિયા - બે ઇંદ્રિયવાળા જીવ - પોરા, કરમિયા, શંખ, છીપ, જળો, અળસીયાં વગેરે - જેને પગ ન હોય.
તેઇંદિયા - ત્રણ ઇંદ્રિયવાળા એટલે જેને શરીર, મુખ અને નાક એ ત્રણ જ ઇંદ્રિય હોય તે - કીડી, મંકોડા, માંકડ, જૂ, લીખ વગેરે
ચઉરિંદિયા - ચાર ઇંદ્રિયવાળા એટલે જેને શરીર, મુખ, નાક, અને આંખ હોય તે, જેવા કે માખી, મચ્છર, ડાંસ, વીંછી, ચાંચડ વગેરે
પંચિંદિયા - પાંચ ઇંદ્રિયવાળા એટલે શરીર, મુખ, નાક, આંખ, અને કાન હોય તે, જેવા કે જલચર, સ્થળચર, ખેચર, તિર્યંચ, મનુષ્ય દેવતા, નારકી વગેરે
અભિહયા - સામા આવતાં હણ્યા હોય
વત્તિયા - ધૂળ વગેરેથી ઢાંક્યા હોય
લેસિયા - જમીન સાથે ઘસ્યા હોય
સંઘાઇયા - એકબીજા સાથે અથડાવ્યા હોય
સંઘટ્ટિયા - અડીને - સ્પર્શ કરીને દુઃખ પમાડયું હોય
પરિયાવિયા - દુઃખ ઉપજાવ્યું હોય
કિલામિયા - ગ્લાનિ ઉપજાવી મરણતોલ કર્યા હોય
ઉદ્દવિયા - ત્રાસ કે ધ્રાસ્કો આપ્યો હોય
ઠાણાઓ ઠાણં - એક જગ્યાએથી બીજી જગ્યાએ

સંકામિયા - મૂકયા હોય
જીવિયાઓ - જીવનથી
વવરોવિયા - જુદા કર્યા હોય, મારી નાખ્યા હોય
તસ્સ મિચ્છામિ દુક્કડં - તેનું પાપ લાગ્યું હોય તે મિથ્યા થાઓ

## ૫. 'તસ્સ ઉત્તરી' સૂત્ર

તસ્સ - તેની
ઉત્તરી - વિશેષ શુધ્ધિ
કરણેણં - કરવા માટે
પાયચ્છિત્ત કરણેણં - પ્રાયશ્ચિત્ત, આલોચના કરવા માટે
વિસોહિ કરણેણં - (આત્માને) વધુ નિર્મળ શુધ્ધ કરવા માટે
વિસલ્લી કરણેણં - ત્રણ શલ્ય (માયા, નિદાન અને મિથ્યાત્વ) રહિત કરવા.
પાવાણં કમ્માણં - પાપ કર્મને, અઢાર પ્રકારના પાપથી ઉત્પન્ન થયેલાં આ કર્મનો
નિગ્ઘાયણટ્ઠાએ - નાશ કરવા માટે
ઠામિ - સ્થિર થાઉં છું
કાઉસ્સગ્ગં - કાઉસગ્ગમાં

## ૬. અન્નત્થ ઉસસિએણં (આગાર) સૂત્ર

અન્નત્થ - અન્ય ક્રિયાઓ દ્વારા
ઊસસિએણં - ઊંચા શ્વાસ લેવાથી
નીસસિએણં - નીચો શ્વાસ મૂકવાથી
ખાસિએણં - ખાંસી - ઉધરસ - આવવાથી
છીએણં - છીંક આવવાથી
જંભાઇએણં - બગાસું આવવાથી
ઉડ્ડુએણં - ઓડકાર આવવાથી
વાયનિસગ્ગેણં - વાયુ છુટવાથી
ભમલીએ - ચક્કર આવવાથી
પિત્તમુચ્છાએ - પિત્તના પ્રકોપથી મૂર્છા આવવાથી
સુહુમેહિં અંગ-સંચાલેહિં - સૂક્ષ્મ અંગના ચાલવાથી

સુહુમેહિં ખેલ-સંચાલેહિં - સૂક્ષ્મ થૂંક તથા કફ ગળવાથી થતા સંચાર
સુહુમેહિં દિટ્ઠિ-સંચાલેહિં - સૂક્ષ્મ આંખ ઉઘાડવા-બંધ થવાથી
એવમાઇ એહિં આગારેહિં - આવા બાર આગાર જણાવ્યા તે ઉપરાંતના આગાર
અભગ્ગો - અખંડિત, (કરેલ કાઉસ્સગ્ગ) ભાંગે નહીં
અવિરાહિઓ - હાનિ થાય નહીં
હુજ્જ મે કાઉસ્સગ્ગો - મારો કાઉસ્સગ્ગ હોજો.
જાવ - જયાં સુધી
અરિહંતાણં - ભગવંતાણં - અરિહંત ભગવાનને
નમુક્કારેણં - નમસ્કારથી
ન પારેમિ - ન પારું એટલે કાઉસગ્ગ સમાપ્ત ન કરૂં
તાવ કાયં - ત્યાં સુધી શરીરને
ઠાણેણં - એક જગ્યાએ સ્થિર રાખીને
મોણેણં - મૌન રહીને
ઝાણેણં - ધ્યાનમાં રહીને (મનને એકાગ્ર કરીને)
અપ્પાણં વોસિરામિ - મારા આત્માને (પાપકર્મોથી) અલગ કરૂં છું. દૂર રાખુ છું.

## ૭. લોગસ્સ સૂત્ર - નામસ્તવ સૂત્ર

લોગસ્સ - ત્રણે લોકના
ઉજ્જોઅગરે - પ્રકાશ કરનાર
ધમ્મતિત્થયરે - ભવતારક અથવા ધર્મરૂપ તીર્થના કરનારા
જિણે - જિનેવરોને (રાગદ્વેષને જીતનારા એવા)
અરિહંતે - અરિહંતોની
કિત્તઇસ્સં - સ્તુતિ કરીશ
ચઉવિસં પિ - ચોવીસ તીર્થંકરો તથા તે સિવાયના બીજા પણ
કેવલી - કેવળજ્ઞાનીઓને
ઉસભ - ઋષભદેવને (૧)
મજીઅં ચ વંદે - શ્રી અજિતનાથને વંદુ છું (૨)
સંભવ - શ્રી સંભવનાથને (૩)

મભિણંદણં ચ - અને શ્રી અભિનંદન સ્વામીને (૪)
સુમઇં ચ - વળી સુમતિનાથને (૫)
પઉમપ્પહં - શ્રી પદ્મ પ્રભુને (૬)
સુપાસં - શ્રી સુપાર્શ્વનાથને (૭)
જિણં ચ ચંદપ્પહં વંદે - વળી જિન એવા ચંદ્રપ્રભુસ્વામીને વંદન કરૂં છું
સુવિહિં ચ પુપ્ફદંતં - વળી શ્રી સુવિધિનાથ સ્વામીને (૯)
સીઅલ - શ્રી શીતલનાથને (૧૦)
સિજ્જંસ - શ્રી શ્રેયાંસનાથને (૧૧)
વાસુપુજ્જંચ - અને શ્રી વાસુપૂજય (૧૨)
વિમલ - શ્રી વિમલનાથને (૧૩)
મણંતં ચ જિણં - અને શ્રી અનંતનાથને વંદુ છું (૧૪)
ધમ્મં - શ્રી ધર્મનાથને (૧૫)
સંતિં ચ વંદામિ - વળી, શ્રી શાંતિનાથને વંદું છું (૧૬)
કુંથું - શ્રી કુંથુ નાથને (૧૭)
અરં-ચઅને અરનાથને (૧૮)
મલ્લિં - શ્રી મલ્લિનાથને (૧૯)
વંદે - વંદુ છું
મુણિ-સુવ્વયં - શ્રી મુનિસુવ્રતસ્વામીને (૨૦)
નમિજિણં ચ - તથા શ્રી નમિજિનને (૨૧)
વંદામિ - વંદન કરૂં છું
રિટ્ઠનેમિં - અરિષ્ઠનેમિને (૨૨)
પાસં - શ્રી પાર્શ્વનાથને (૨૩)
તહ - તથા
વદ્ધમાણં ચ - શ્રી વર્ધમાનને (મહાવીર સ્વામીને) (૨૪)
એવં મએ - એ પ્રકારે મેં
અભિથુઆ - નામપૂર્વક સ્તુતિ કરી
વિહુય રયમલા - જેણે કર્મરૂપી રજ (મેલ) ટાળ્યા છે તેવા
પહીણ - ખપાવ્યા છે, ક્ષીણ કર્યા છે
જર મરણા - ઘડપણ અને મૃત્યુ

ચઉવીસંપિ - ચોવીસ તીર્થંકરો અને બીજા
જિણવરા - જિનવરો
તિત્થયરા - તીર્થંકરો
મે પસીયંતુ - મારા પર પ્રસન્ન થાઓ, કૃપા કરો
કિત્તિય - ઇંદ્રાદિથી કીર્તન કરાયેલા - જેનું ઇંદ્રો આદિ કીર્તન કરે છે
વંદિય - જેને ઇંદ્ર આદિ (વિશુધ્ધ મન, વચન અને કાયાથી) વંદે છે
મહિયા - ઇંદ્રાદિથી પૂજાયેલા
જે એ લોગસ્સ - એવા જે તે લોકના
ઉત્તમા - ઉત્તમ
સિધ્ધા - સિધ્ધ ગતિને પામ્યા છે.
આરૂગ્ગ - આરોગ્યતા
બોહિલાભં - બોધિલાભ - સમકિત બોધનો લાભ
સમાહિ-વર-મુત્તમં - ઉત્તમ પ્રકારની સમાધિને
દિંતુ - આપો
ચંદેસુ - ચંદ્રના સમુદાયથી
નિમ્મલયરા - અતિ નિર્મળ
આઇચ્ચેસુ - આદિત્યોમાં - સૂર્યના સમુદાયમાં
અહિયં - અધિક
પયાસયરા - પ્રકાશનારા
સાગરવર - સમુદ્ર જેવા
ગંભીરા - ગંભીર છે જેઓ
સિદ્ધા - સિદ્ધ
સિદ્ધિં - સિદ્ધિને , મુક્તિને
મમ દિસંતુ - મને આપો.

## સામાયિકનું ફળ

મન, વચન, કાયાને વધુ નિર્મળ બનાવે.
ચિત્તને અપૂર્વ શાંતિનો અનુભવ કરાવે.
મનની એકાગ્રતાથી ધર્મ આરાધનામાં વિકાસ-વૃદ્ધિ સર્જાવે.
કર્મથી મુક્ત કરાવીને શુદ્ધ કરે, સ્વ-રૂપની ઓળખ આપે.
શાશ્વત શાંતિ અને મોક્ષના આનંદની પ્રાપ્તિ કરાવે.

## ૮ કરેમિ ભંતે સૂત્ર

**કરેમિ ભંતે** - (હું) કરૂં છું, ગ્રહણ કરૂં છું હે ભગવાન
**સામાઇયં** - સામાયિકને
**સાવજ્જં** - પાપના યોગને, પાપસહિત
**જોગં** - યોગ એટલે મન, વચન અને કાયાના વ્યાપાર, તે પ્રત્યે
**પચ્ચક્ખામિ** - હું ત્યાગું છું, બંધી કરૂં છું
**જાવ નિયમં** - જયાં સુધી સામાયિક વ્રતના આ નિયમ પ્રત્યે
**પજ્જુવાસામિ** - હું યથાશક્તિ તે વ્રતનું પાલન કરૂં છું
દુવિહં - બે પ્રકારે એટલે કરવા, કરાવવા રૂપે
તિવિહેણં - ત્રણ પ્રકારે (એટલે)
**મણેણં વાયાએ** - મનથી વાચાથી - વચને કરીને
**કાએણં** - કાયાથી - શરીરે કરીને
**ન કરેમિ** - (હું) નહીં કરું
**ન કારવેમિ** - (હું) નહીં કરાવું.
તસ્સ ભંતે - તે માટે હે ભગવંત તેને (પાપ વ્યાપારને)
પડિક્કમામિ - હું ત્યજી દઉં છું, પાછો હઠું છું.
નિંદામિ - તે પાપની (આત્મ સાક્ષીથી) નિંદા કરૂં છું
ગરિહામિ - ગુરૂની સાક્ષીએ વિશેષ નિંદુ છું. ધિક્કારૂછું
અપ્પાણં - મારા આત્માને
વોસિરામિ - દૂર રાખું છું.

## ૯ સામાઇયવયજુત્તો - સામાયિક પારવાનું સૂત્ર

**સામાઇઅ** - સામાયિક
વયજુત્તો - વ્રત લીધું હોય તે
**જાવ મણે** - જ્યાં સુધી મનમાં
હોઇ - હોય
નિયમ સંજુત્તો - નિયમ ધરાવનાર
છિન્નઇ - છેદી નાખે, નાશ કરે
અસુહં - અશુભ
કમ્મં - કર્મ
**સામાઇઅ** - સામાયિક

જત્તિઆવારા - જેટલી વાર, જેટલી વખત
સામાઇઅંમિ - સામાયિક
ઉ - પણ, વળી અને
કએ - કરે ત્યારે
સમણો - સાધુ
ઇવ - જેવો
સાવઓ - શ્રાવક
હવઇ જમ્હા - હોય જેથી
એએણ - એ
કારણેણં - કારણથી
બહુસો - ઘણી વાર
સામાઇઅં કુજ્જા - સામાયિક કરવું જોઇએ
સામાયિક - સામાયિક
વિધિએ લીધું - વિધિપૂર્વક લીધું
વિધિએ પાર્યું - વિધિપૂર્વક પાલન કર્યું
વિધિ કરતાં - વિધિ કરતાં
જે કોઇ અવિધિ હુઓ હોય - જે કોઇ દોષ થયો હોય, લાગ્યો હોય
તે સવિ - તે બધા
હું મન, વચન, કાયાએ કરી - હું મન, વચન, કાયાથી
મિચ્છામિ દુક્કડમ્ - મારા દુષ્કૃત્ય મિથ્યા થાઓ
દશ મનના - મનના દશ
દશ વચનના - વચનના દશ
બાર કાયાના - કાયાના બાર
એ બત્રીસ - આમ કુલ બત્રીસ
દોષોમાં - દોષોમાં
જે કોઇ દોષ - જે કોઇ ભૂલ
લાગ્યો હોય તે સવિ - થઇ હોય તે સર્વને
હું મન, વચન, કાયાએ કરી - હું મન, વચન અને કાયાએ કરી
મિચ્છામિ દુક્કડમ્ - ખમાવું છું, ક્ષમા માંગુ છું.

## ચોવીશ તીર્થંકરોનાં નામ, લાંછન અને વર્ણ

| | | |
|---|---|---|
| ૧. શ્રી ઋષભદેવ, | બળદ | કાંચન |
| ૨. શ્રી અજિતનાથ, | હાથી, | કાંચન |
| ૩. શ્રી સંભવનાથ, | ઘોડો, | કાંચન |
| ૪. શ્રી અભિનંદનસ્વામી, | વાંદરો, | કાંચન |
| ૫. શ્રી સુમતિનાથ, | ક્રૌંચપક્ષી, | કાંચન |
| ૬. શ્રી પદ્મપ્રભુ, | કમળ, | કાંચન |
| ૭. શ્રી સુપાર્શ્વનાથ, | સાથિયો, | કાંચન |
| ૮. શ્રી ચંદ્રપ્રભુ, | ચંદ્ર, | ઉજ્જવળ |
| ૯. શ્રી સુવિધિનાથ, | મગરમચ્છ, | ઉજ્જવળ |
| ૧૦. શ્રી શીતલનાથ, | શ્રીવચ્છ, | કાંચન |
| ૧૧. શ્રી શ્રેયાંસનાથ, | ગેંડો, | કાંચન |
| ૧૨. શ્રી વાસુપૂજ્યસ્વામી, | મહિષ(પાડો), | રાતો |
| ૧૩. શ્રી વિમલનાથ, | વરાહ (ભૂંડ), | કાંચન |
| ૧૪. શ્રી અનંતનાથ, | સીંચાણો, | કાંચન |
| ૧૫. શ્રી ધર્મનાથ, | વજ્ર, | કાંચન |
| ૧૬. શ્રી શાંતિનાથ, | મૃગ, | કાંચન |
| ૧૭. શ્રી કુંથુનાથ, | છાગ(બોકડો), | કાંચન |
| ૧૮. શ્રી અરનાથ, | નંદાવર્ત્ત, | કાંચન |
| ૧૯. શ્રી મલ્લિનાથ, | કુંભ, | લીલો |
| ૨૦. શ્રી મુનિસુવ્રતસ્વામી, | કાચબો, | શ્યામ |
| ૨૧. શ્રી નમિનાથ, | લીલું કમળ, | કાંચન |
| ૨૨. શ્રી નેમિનાથ, | શંખ, | શ્યામ |
| ૨૩. શ્રી પાર્શ્વનાથ, | સર્પ, | લીલો |
| ૨૪. શ્રી મહાવીરસ્વામી, | સિંહ, | કાંચન |

## સતીનાં નામો

૧. બ્રાહ્મી
૨. સુંદરી
૩. ચંદનબાલા
૪. રાજેમતી
૫. દ્રૌપદી
૬. કૌશલ્યા
૭. મૃગાવતી
૮. સુલસા
૯. સીતાજી
૧૦. દમયંતી
૧૧. શિવાદેવી
૧૨. કુંતાજી
૧૩. સુભદ્રા
૧૪. ચેલણા
૧૫. પ્રભાવતી
૧૬. પદ્માવતી

# છેલ્લી ઘડીએ.........

આટલું તો આપજે ભગવન. . . ! મને છેલ્લી ઘડી
ના રહે માયા તણો બંધન મને છેલ્લી ઘડી. . .૧
આ જિંદગી મોંઘી મળી પણ જીવનમાં જાગ્યો નહિ
અંત સમયે મને રહે, સાચી સમજ છેલ્લી ઘડી. . .૨
જ્યારે મરણ શૈયા પરે, મીંચાય છેલ્લી આંખડી
તું આપજે ત્યારે પ્રભુમય, મને મળે છેલ્લી ઘડી. . .૩
હાથ પગ નિર્બળ બને ને, શ્વાસ છેલ્લો સંચરે
ઓ દયાળુ ! આપજે દર્શન, મને છેલ્લી ઘડી. . .૪
હું જીવનભર સળગી રહ્યો, સંસારના સંતાપમાં
તું આપજે શાંતિ ભરી, નિંદ્રા મને છેલ્લી ઘડી. . .૫
અગણિત અધર્મો મેં કર્યાં, તન, મન, વચન યોગે કરી
હે ક્ષમા સાગર ! ક્ષમા મને, આપજે છેલ્લી ઘડી. . .૬
અંત સમયે આવી મુજને, ના દમે વટ દુશ્મનો
જાગૃતપણે મનમાં રહે, તારું સ્મરણ છેલ્લી ઘડી. . .૭

## કલ્યાણ -ભાવના

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણ કમલમાં મુજ જીવનનું અર્ધ્ય રહે.
દીન, ક્રૂર ને ધર્મ વિહોણા દેખી દિલમાં દર્દ રહે,
કરુણા ભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્ત્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવન પથિકને માર્ગ ચિંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની તોયે સમતા ચિત્ત ધરું.
ચન્દ્રપ્રભુની ધર્મ-ભાવના હૈયે સૌ માનવ લાવે,
વેર-ઝેરનાં પાપ તજીને મંગળ ગીતો એ ગાવે.

-ચિત્રભાનુ

* આત્મા પોતે પોતાના સુખ-દુઃખનો કર્તા અને વિકર્તા (નાશ કરવાવાળો) છે. સન્માર્ગગામી આત્મા પોતાનો મિત્ર છે, દુર્ભાર્ગગામી આત્મા પોતાનો શત્રુ છે.
* જે રીતે કુશના અગ્રભાગ ઉપર ઠરેલા ઝાકળના બિંદુનું આયુષ્ય અલ્પ છે, એવી રીતે મનુષ્યજીવનની અસ્થિર ગતિ છે. માટે હે ગૌતમ, તું એક ક્ષણનો પણ પ્રમાદ ન કર.
* હે આયુષ્યમન ! જતના (વિવેક)થી ચાલવું, જતનાથી ઊભા રહેવું, જતનાથી બેસવું, જતનાથી સૂવું, જતનાથી ખાવું, જતનાથી બોલવું, તો પાપકર્મનું બંધન થતું નથી.
* ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. ધર્મ એટલે અહિંસા, સંયમ અને તપ. આવો ધર્મ જેના મનમાં વસ્યો છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.
* જે માણસ દર મહિને લાખો ગાયોનું દાન આપે છે, તેના કરતાં કાંઇ ન આપવાવાળો પણ સંયમનું આચરણ કરે છે તે શ્રેષ્ઠ છે.
* જૈન શાસનનું મૂળ વિનય છે. વિનીત સાધક સાચા સંયમી બની શકે છે. જે વિનયહીન છે, તેને ધર્મ અથવા તપ કયાંથી હોય ?
* સંસારમાં ચાર સાધન મળવાં દુર્લભ છે. મનુષ્યત્વ, ધર્મશ્રવણ, શ્રધ્ધા અને સંયમમાં પુરૂષાર્થ.
* જગતમાં સર્વ પ્રાણીઓ પ્રત્યે શત્રુ હોય કે મિત્ર-સમભાવે વર્તવું એ અહિંસા છે. પ્રાણીઓને પીડા કરાવનારી સર્વ પ્રવૃતિઓનો જિન્દગી-પર્યંત ત્યાગ કરવો.
* જેમ મને દુઃખ પ્રિય નથી, તેમ સર્વ જીવોને દુઃખ પ્રિય નથી એમ સમજીને જે પોતે હિંસા કરે નહીં એ સાચો શ્રમણ છે.
* જે પથિક પાથેય લીધા વિના લાંબી યાત્રા પર નીકળે તે આગળ જતાં ભૂખ - તરસથી પીડાય, તેમ મનુષ્ય ધર્માચરણ કર્યા વિના પરલોકયાત્રા કરે તે અનેક આધિવ્યાધિથી પીડાય અને અત્યંત દુઃખી થાય.
* દૂર્જય સંગ્રામમાં જે લાખો યોધ્ધાઓને જીતે છે તેના કરતાં એક માત્ર પોતાના આત્માને જીતે તે ખરેખર પરમ વિજય છે.
* હે પુરૂષ, તું જ તારો મિત્ર છે. બહારના મિત્રની શોધ છોડી તું તારા જ આત્માને નિગ્રહમાં રાખ, તે રીતે તું દુઃખથી મુક્ત થઇ જઇશ.

# સામાયિક સૂત્ર

* અભિપ્રાય

"તમારો પ્રયાસ અને તે પાછળ દેખાઇ આવતી તમારી મહેનત અને ધર્મભાવના પ્રશંસનીય છે. અર્થ સાથે સૂત્ર હોવાથી ક્રિયામાં વધુ આનંદ આવે, ભાવ પ્રગટે. તમે મોટી ઉંમરે પણ સાહિત્યસેવા અને ધર્મ કાર્ય કરી નિવૃત્તિકાળને શુભ પ્રવૃત્તિ દ્વારા સફળ બનાવી રહ્યા છો તેની અનુમોદના."

મુનિશ્રી જિનચન્દ્રવિજયજી
(ત્રિપુટી બંધુ)

"પુસ્તિકા સરસ બની છે અને સૌને ઉપયોગી છે. અર્થ સાથે સામાયિક સૂત્ર અત્યંત આવશ્યક છે. આ પુસ્તિકાથી સંભવ છે કે એકવાર તો રોજ સામાયિક કરીશ."

શ્રી ચીમનલાલ જે. શાહ
ઉપપ્રમુખ, મુંબઇ જૈન યુવક સંઘ

"સામાયિક સૂત્રના આઠેય પાઠના સર્વ શબ્દોના સરળ અર્થો ધરાવતી આ પુસ્તિકાનું મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે. સર્વ સાધારણ જૈનો તથા જૈનેતરો પણ આ સામાયિક સૂત્રના અર્થ બરાબર સમજી, પાઠ કરી આ પુસ્તિકા દ્વારા પૂરો ધાર્મિક, આધ્યાત્મિક લાભ લઇ શકશે. આ એક ખૂબજ ઊંચા પ્રકારની ધાર્મિક, આધ્યાત્મિક સેવા કરી છે તે બદલ ધન્યવાદ. મારા ખાનગી પુસ્તકાલયમાં આ પુસ્તિકા કાયમનું માનભર્યું સ્થાન મેળવશે.

તમે વિવિધ ક્ષેત્રોમાં ઘણી સેવાઓ કરી છે, તેમાં આ એક મૂલ્યવાન ઉમેરો થયો. સત્કાર્યો કરવા માટે દીર્ઘ આયુષ્ય ને આરોગ્યની કામના."

શ્રી શાન્તિકુમાર ભટ્ટ.
નિવૃત તંત્રી. 'મુંબઇ સમાચાર સાપ્તાહિક.'

"ખૂબ જ ઉમદા પુસ્તિકા મોકલી છે. જીવના ઉદ્ધાર માટેની આ સામગ્રી બદલ જેટલો આભાર માનું તેટલો ઓછો છે. વરસતાં વરસાદના અનુભવ સાથે સવારમાં જ આ સામાયિક કરી જવાનું મને સદ્ભાગ્ય આજે પ્રાપ્ત થયું છે. જૈન તરફ લઇ જવાનું ઉત્તમ અને સરસ સાધન આપશ્રીએ પુરું પાડેલ છે."

શ્રી પ્રવીણ દફતરી. પ્રમુખ, રોટરી કલબ, મોરબી.

જૈન ધર્મમાં મહત્વના ગણાતા સામાયિકની સરળ ભાષામાં અર્થ સાથે માહિતી આપતી આ પુસ્તિકા જૈનો તેમજ જૈનેતરે વાંચવા જેવી છે.

મુકુંદ શાહ. તંત્રી 'નવચેતન.'

"પુસ્તિકા સાદ્યાંત વાંચી - જોઇ - પ્રભાવિત થયો. મુખપૃષ્ઠ ભાવવાહી, સંકેતમય, આર્ટપેપર, પ્રતીકો, ચિત્રો ઉત્તમ, જાણે પંચ પરમેષ્ઠિ સ્મરણ માટે પાંચ ઉમદા ચિત્રો લાગ્યાં, પ્રિન્ટીંગ ખૂબ સુંદર, અર્થો શ્રી કુમારપાળ દેસાઇએ અત્યંત સરળ, બાળકોને સમજાય તેવી ભાષામાં કર્યા. ધન્યવાદ."

- શ્રી જયંતીલાલ તુરખીયા. મુંબઇ.

"જૈન ધર્મમાં સામાયિકનું મહત્વ ઘણું જ છે. વિધિ કેવી રીતે કરવી, તેનું ફળ વિ. નું સચોટ સફળ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જૈન અને જૈનેતર સૌ કોઇને પ્રેરણા આપે એવી આ પુસ્તિકા છે."

"સજની" મુંબઇ.

"તમારા સ્વભાવ પ્રમાણે જરાકેય થાકયા વગર જે કામ મનમાં નકકી કર્યું - તેની પાછળ પડીને કરતાં જાળ કરોળિયો - એ કહેવતને સાર્થક કરી - પૂરૂં કર્યું અને તે પણ સુંદર રીતે - જરાકેય - કયાંયે - લોભ નહિ - સુંદર છાપકામ, સુંદર ગેટઅપ - સારા કાગળો વગેરેથી શ્રી સામાયિક સૂત્ર સારૂ બન્યું છે."

શ્રી રતિકુમાર વ્યાસ. અમદાવાદ.
લોકસંગીતકાર.

"પુષ્પાબહેનની પ્રેરણાથી તમે અભણ અને ઓછું ભણેલા સમજી શકે અને પ્રેમથી નિત પાઠ કરે એવું સામાયિક સૂત્ર બનાવીને ઉત્તમ ધર્મકાર્ય કર્યું છે."

- શ્રી હમીરભાઇ રૂડાભાઇ મહેતા. અમદાવાદ.



## અથ શ્રી વીરજીનનાં ચૌદ સ્વપ્નનું સ્તવન

રાયરે સિદ્ધારથ ઘેર પટરાણી, નામે ત્રીસલા સુલક્ષણીએ,
રાજભુવનમાહિ પલંગે પોટંતાં, ચૌદ સ્વપ્ન રાણીએ લહ્યાંએ,
પહેલે રે સ્વપને મેં ગયવર દીઠો, બીજે વૃષભ સોહામણોએ,
ત્રિજે સિંહ સુલક્ષણો દીઠો, ચોથે લક્ષ્મી દેવતાએ,
પાંચમે પંચ વરણી ફૂલની માળા, છઠે ને ચંદ્ર અમિય ઝર્યોએ,
સાતમે સૂરજ, આઠમે ધ્વજા, નવમે કળસ, અમિય ભર્યોએ,
પદ્મ સરોવર દસમે દીઠો, ખીરસમુદ્ર દીઠો અગિયારમે એ,
દેવ વિમાન તે બારમું દીઠું, રણઝણ ઘંટા વાજતાંએ,
રતનશો રાશિ તે તેરમે દીઠો, અગ્નિ શીખા દીઠી ચૌદમેએ,
ચૌદ સુપન લહી રાણીજી જાગ્યાં રાણીએ રાયને જગાડીયાએ,
સુણો રે સ્વામી મે તો સુહણલાં લાધ્યાં, પાછલી રાત રળિયામણીએ,
રાય રે સિદ્ધારર્થે પંડિત તેડિયા, કહો રે પંડિત ફળ એહનાંએ,
અમ કુળ મંડળ, તમ કુળ દીવો, જયવંતા તીર્થંકર જન્મશેએ,
જે નર ગાવે તે સુખ પાવે, આનંદે રંગ, વધામણાંએ.

## શ્રી નમસ્કાર મંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર;
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત ઉદાર. સમરો. ૧
સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિન ને રાત;
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સૌ સંગાથ. સમરો. ૨
જોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે દાનવ સમરે, સમરે સૌ નિશંક. સમરો. ૩
અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો, અષ્ડસિદ્ધિ દાતાર. સમરો. ૪
નવપદ એવા નવવિધિ આપે, ભવભવનાં દુઃખ કાપે;
વીર વચનથી હૃદયે વ્યાપે, પરમાતમ્ પદ આપે. સમરો. ૫